**સક્રિયકરણ, પુનરોદ્ધાર અને રૂપાંતરણ (A.R.T.) કાર્યક્રમ – તબક્કો II**
**વારંવાર પૂછાતા પ્રશ્નો**

**1) NJEDA A.R.T. – તબક્કા IIનો અનુદાન કાર્યક્રમ શું છે?**

*સક્રિયકરણ, પુનરોદ્ધાર, રૂપાંતરણ (A.R.T.)* - તબક્કા 2નું અનુદાન એ નફાનિરપેક્ષ સંસ્થાઓ માટે એક સ્પર્ધાત્મક કાર્યક્રમ છે, જેનો ઉદ્દેશ્ય લોકોના નિયમિત આવનજાવનમાં કોવિડ 19ના કારણે આવેલા ઘટાડાથી જેમના વાણિજ્યિક વિસ્તારો પર ભારે પ્રભાવ પડ્યો હોય એવી 31 પસંદગીની મ્યુનિસિપાલિટીઓનાં મધ્ય ક્ષેત્રોમાં પરિવર્તન માટે એક સર્જનાત્મક બળ તરીકે કળા અને સાંસ્કૃતિક ક્ષેત્રને લાભ પહોંચાડીને સમાજમાં ગુણવત્તાયુક્ત જગ્યાઓ બનાવવાના પ્રયત્નોને વેગ આપવાનો છે.

આર્ટ્સ સપોર્ટ અને પ્લેસમેકિંગ તરીકે ઓળખવામાં આવેલ નાણાકીય વર્ષ 2023ના બજેટ ઍપ્રોપ્રિએશન્સ ઍક્ટ (P.L. 2022, c.49) દ્વારા વ્યવસ્થા  કરાયેલ ભંડોળમાં 15 મિલિઅન દ્વારા જગ્યા બનાવવાના પ્રૉજેક્ટ્સ, જાહેર કળા સ્થાપનો અને કળા આધારિત પ્રૉજેક્ટ્સ જેવી સાર્વજનિક જગ્યાના સર્જનના સક્રિયકરણની પહેલોને આ કાર્યક્રમ સમર્થન આપશે, જેમાં $100,000 અને $500,000ની વચ્ચેના અનુદાન પુરસ્કારો હશે

**2) ART તબક્કા IIનાં અનુદાનો માટે લાયક અરજદારો કોણ છે?**

501 c (3), 501 c (6) અથવા 501 c (19) સાથેની નફાનિરપેક્ષ સંસ્થાઓ. IRS નિર્ધારણ પત્ર દ્વારા સમર્થિત.

નિર્ધારણ પત્રની નકલો (જાન્યુઆરી 1, 2014 અને બાદમાં જારી કરાયેલ) IRS ઑનલાઇન સર્ચ ટૂલનો ઉપયોગ કરીને ડાઉનલોડ કરી શકાશે: કરમુક્ત સંસ્થાની શોધ (TEOS)

https://www.irs.gov/charities-non-profits/tax-exempt-organization-search

ઇમેલ ફીચરનો ઉપયોગ કરીને 2014 પહેલાં જારી કરવામાં આવેલ નિર્ધારણપત્રની નકલો માટે ફૉર્મ 4506-B, કરમુક્ત સંસ્થા IRS અરજી અથવા પત્રની નકલ માટે વિનંતી સુપરત કરીને વિનંતી કરી શકાય છે.

https://www.irs.gov/pub/irs-pdf/f4506b.pdf

**3) લાયક પ્રૉજેક્ટ ક્યાં શોધી શકાય છે?**

તમામ પ્રૉજેક્ટ સ્થાનો સક્રિય ન્યૂ જર્સી ટ્રાન્ઝિટ, PATCO, PATH, અથવા SEPTA પેસેન્જર રેલ અથવા લાઇટ રેલ સ્ટેશનના 1.5 માઇલની અંદર સ્થિત યોગ્ય ન્યુ જર્સી મ્યુનિસિપાલિટીમાં હોવા જોઈએ જે ઉપરોક્ત માપદંડોની સમાન મ્યુનિસિપાલિટી બેઠકમાં કાર્યરત છે. (સ્થાનો NJ ડિપાર્ટમેન્ટ ઑફ કમ્યુનિટી અફેર્સ ભૌગોલિક માહિતી સિસ્ટમ્સ પેસેન્જર રેલ સ્ટેશન પોઇન્ટ ડેટા પર આધારિત છે.)

તમારા પ્રસ્તાવિત પ્રૉજેક્ટ સ્થાનની યોગ્યતા નક્કી કરવા માટે **NJEDA લોકેશન મેપિંગ ટૂલ** જોવા માટે **અહીં** ક્લિક કરો.

પ્રોગ્રામ માટે લાયક વિસ્તારો ધરાવતી 31 નગરપાલિકાઓ છે: Asbury Park, Bayonne, Belleville, Burlington City, Camden, City of Orange, Clifton, Dover, Dunellen, East Orange, Egg Harbor City, Elizabeth, Garfield, Hackensack, Hammonton, Jersey City, Linden, Lindenwold, Long Branch, Netcong, New Brunswick, North Bergen, Passaic, Paterson, Pennsauken, Perth Amboy, Plainfield, Rahway, Riverside, Trenton, અને Union City.

નેવાર્ક શહેર અને એટલાન્ટિક સિટીના શહેરની અંદર સ્થિત પ્રૉજેક્ટ્સ A.R.T. – તબક્કા II દ્વારા ભંડોળ મેળવવા માટે પાત્ર નથી.

**4) કયા પ્રકારના પ્રૉજેક્ટ સહાયતા માટે પાત્ર છે?**

A.R.T. II કાર્યક્રમ એ અનુદાન ઉત્પાદન છે જે સાર્વજનિક જગ્યા સક્રિયકરણ પહેલ, જેમ કે પ્લેસમેકિંગ પ્રૉજેક્ટ્સ, પબ્લિક આર્ટ ઇન્સ્ટોલેશન્સ અને આર્ટ-આધારિત પ્રૉજેક્ટ્સના નિર્માણને સમર્થન આપશે. આ પ્રવૃત્તિઓમાં કલા પ્રદર્શન, પ્રદર્શન, ઉત્સવો, પરેડ, કોન્સર્ટ અથવા કોન્સર્ટ શ્રેણી, ફિલ્મ અને વિડિયો સ્ક્રીનિંગ અને સાંસ્કૃતિક પ્રોગ્રામિંગનો સમાવેશ થઇ શકે છે, પરંતુ તે તેના સુધી મર્યાદિત નથી. કલા અથવા પ્લેસમેકિંગ પ્રૉજેક્ટ્સ ચલાવવા માટે અરજદારને ઓપરેશનલ ખર્ચને ટેકો આપવા માટે ભંડોળ પણ મંજૂર કરી શકાય છે.

**5) શું ભંડોળના ગેરલાયક ઉપયોગો છે?**

ગેરલાયક પ્રૉજેક્ટ પ્રવૃત્તિઓમાં રિયલ એસ્ટેટના સંપાદન ખર્ચ, 31 ડિસેમ્બર, 2026ની સમાપ્તિ તારીખો સાથેના રિયલ એસ્ટેટ માટેના લીઝ, ઇન્ક્યુબેટર સ્પેસ અને રિયલ એસ્ટેટ બાંધકામનો સમાવેશ થઇ શકે છે પરંતુ તે તેના સુધી મર્યાદિત નથી. ઉપરાંત, મુખ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધારાઓ અયોગ્ય છે, જેમ કે ગટર, ગંદું

પાણી, વિદ્યુત ગ્રીડ, રોડ પેવિંગ, પીવાના પાણીની વ્યવસ્થા અને 31 ડિસેમ્બર, 2026 પછી સ્થાને રહેવાના હેતુવાળા માળખાં સહિત પરંતુ તેના સુધી મર્યાદિત નહીં તેવો મૂડી ખર્ચ, જેમાં ખાલી જમીન તૈયાર કરવા માટે તોડી પાડવા સહિતનો સમાવેશ થાય છે.

### 6) શું અરજદારોએ પ્રૉજેક્ટ ભંડોળના તમામ સ્રોતો પ્રદાન કરવાની જરૂર છે?

હા.  બધા અરજદારોએ અરજીના સ્રોત અને ઉપયોગ ફૉર્મ પર સ્રોત અને ઉપયોગ વિશ્લેષણ સુપરત કરવું આવશ્યક છે. સ્રોત વિભાગમાંની લાઇન આઇટમમાં NJEDA A.R.T. II અનુદાન અરજીમાં વિનંતી કરાયેલ ભંડોળ સહિત પ્રૉજેક્ટ ભંડોળના તમામ. સ્રોતોની સૂચિ હોવી આવશ્યક છે. જો NJEDA ART II અનુદાન અરજી પર વિનંતી કરેલી રકમ સ્રોત તરીકે સૂચિબદ્ધ ન હોય અથવા જો કુલ સ્રોતો કુલ ઉપયોગોની બરાબર ન હોય, તો સ્રોત અને ઉપયોગ દસ્તાવેજ અપૂર્ણ ગણવામાં આવશે, અને અરજીને બિન-વિવેકાધીન અસ્વીકાર પ્રાપ્ત થશે.

### 7) પ્રૉજેક્ટ માટે યોગ્યતાની વિચારણાઓ શું છે અને હું તેને કેવી રીતે પૂરી કરી શકું?

અરજીના સમયે અરજદારો સ્વ-પ્રમાણિત કરશે કે પ્રૉજેક્ટ નીચેની સંઘીય યોગ્યતા વિચારણાઓને પૂર્ણ કરે છે:

- <u>કોવિડની અસર:</u> અરજદારોએ જણાવવાનું રહેશે કે કઈ રીતે દરખાસ્ત COVID-19 રોગચાળાની નકારાત્મક જાહેર આરોગ્ય અને/અથવા આર્થિક અસરો માટે પ્રતિભાવશીલ છે અને પ્રોગ્રામ માટે ARPની તમામ આવશ્યકતાઓનું પાલન કરે છે.
- <u>ક્ષમતા:</u> અરજદારને ઓછામાં ઓછા એક પ્રૉજેક્ટના અમલીકરણનો અનુભવ હોવો જોઇએ જે પ્રસ્તાવિત પ્રૉજેક્ટ જેવો જ હોય.
- <u>લાંબા ગાળાની અસરો:</u> સ્પર્ધાત્મક અરજદારોએ અરજી પ્રક્રિયા દ્વારા સ્પષ્ટપણે જણાવવું જોઇએ કે કેવી રીતે દરખાસ્ત તેના સમુદાયમાં સકારાત્મક લાંબા ગાળાની અસર કરશે અને સમુદાયને એકંદરે ફાયદો થશે.
- <u>નાણાકીય વ્યાવહારિકતા:</u> પ્રૉજેક્ટની લાંબા ગાળાની નાણાકીય સદ્ધરતા દર્શાવવી જોઇએ અને પુરાવા હોવા જોઇએ કે પ્રૉજેક્ટ 12/31/26 પહેલાં પૂર્ણ થઈ જશે.
- <u>U.S. ટ્રેઝરી રિપોર્ટિંગ:</u> (જો લાગુ પડતું હોય તો અથવા યુએસ ટ્રેઝરી દ્વારા વિનંતી કરવામાં આવી હોય તો) યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રેઝરીને $1 મિલિયનથી વધુના તમામ પ્રૉજેક્ટ ખર્ચની જાણ કરવા માટે સંબંધિત માહિતી પૂરી પાડવાની ક્ષમતા, ખાસ કરીને, બધી દરખાસ્તો પ્રૉજેક્ટ પોતાની મ્યુનિસિપાલિટીમાં કોવિડ-19ની અસરોનું કેવી રીતે સમાધાન કરશે અને શા માટે આ કેપિટલ ખર્ચ કોવિડ-19ને કારણે થતા આર્થિક નુકસાનને પહોંચી વળવા માટે સૌથી યોગ્ય છે તે અંગે વર્ણન પૂરું પાડશે.

**8) પ્રૉજેક્ટ્સ ક્યારે પૂર્ણ થવાના હોય છે અને તમામ અનુદાન પુરસ્કારો ક્યારે ખર્ચવામાં આવે છે?**

તમામ A.R.T. – તબક્કા IIના પ્રૉજેક્ટ્સ પૂર્ણ થવા જોઈએ, અને તમામ અનુદાન પુરસ્કાર અંગેનું ભંડોળ ડિસેમ્બર 31, 2026 સુધીમાં ખર્ચવામાં આવવું જોઈએ. અરજદારોએ પુરાવા તરીકે પ્રૉજેક્ટ સમયરેખા સુપરત કરવાની જરૂર પડશે કે પ્રૉજેક્ટ આ સંઘીય કાર્યક્રમના નિર્દેશોને પૂર્ણ કરી શકે છે.

**9) શું New Jerseyનું ટેક્સ ક્લિયરન્સ પ્રમાણપત્ર કાર્યક્રમ માટે આવશ્યક છે?**

**હા. અરજી કરતી વખતે** ટેક્સ ક્લિયરન્સ પ્રદાન કરવું આવશ્યક છે.

જો તમે પ્રિમિયર બિઝનેસ સેવાઓ સાથે રજિસ્ટર થયેલા ન હો તો પ્રિમિયર બિઝનેસ સર્વિસીઝ પૉર્ટલની https://www16.state.nj.us/NJ_PREMIER_EBIZ/jsp/home.jsp પર મુલાકાત લો અને માત્ર નવા વપરાશકર્તાઓ પસંદ કરો – અકાઉન્ટ બનાવો અને નવું અકાઉન્ટ બનાવવા માટેની સૂચનાઓનું પાલન કરો.

જો તમે પ્રિમિયર બિઝનેસ સેવાઓ સાથે પહેલેથી રજિસ્ટર થયેલા હો તો https://www16.state.nj.us/NJ_PREMIER_EBIZ/jsp/home.jsp પર લૉગ ઇન કરો. ટેક્સ એન્ડ રેવન્યુ સેન્ટર પર જાઓ અને બિઝનેસ ઇન્સેન્ટિવ ટેક્સ ક્લિયરન્સ પસંદ કરો. જો તમારું ખાતું તેની કર જવાબદારીઓનું પાલન કરતું હોય અને કોઈ જવાબદારીઓ અસ્તિત્વમાં ન હોય, તો બિઝનેસ ઈન્સેન્ટિવ ટેક્સ ક્લિયરન્સ સીધા પોર્ટલ દ્વારા પ્રિન્ટ કરી શકાય છે.

તમારા ખાતા વિશેના પ્રશ્નો 609-292-9292 પર NJ Treasuryને અથવા ઇમેલથી Integrated-Registration.Admin@treas.nj.gov પર પ્રિમિયમ સર્વિસીઝ રજિસ્ટ્રેશનને મોકલી શકાય છે. જે સંસ્થા માટે ક્લિયરન્સ જારી કરવામાં આવી રહ્યું છે તે સંસ્થા તરીકે NJEDA નામ આપવા માટે ટેક્સ ક્લિયરન્સ સર્ટિફિકેટની જરૂર નથી.

NJEDA એ સંસ્થા તરીકે ન્યુ જર્સી ડિપાર્ટમેન્ટ ઑફ એન્વાયર્નમેન્ટલ પ્રોટેક્શન (NJDEP) પાસે ટેક્સ ક્લિયરન્સ પ્રમાણપત્ર સ્વીકારી શકશે નહીં કે જેના માટે ટેક્સ ક્લિયરન્સ જારી કરવામાં આવી રહ્યું છે.

**10) લાભોના દ્વિગુણનની કોઈ સમીક્ષા છે?**

હા, સંપૂર્ણ સંઘીય અનુપાલન સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રૉજેક્ટ્સને લાભોના દ્વિગુણનની સમીક્ષા પૂર્ણ કરવાની જરૂર પડશે

**11) પ્રૉજેક્ટ દીઠ ન્યૂનતમ વિનંતી કરેલ પુરસ્કાર શું છે?**

લઘુત્તમ પુરસ્કાર વિનંતી $100,000 છે.

**12) પ્રૉજેક્ટ દીઠ મહત્તમ વિનંતી કરેલ પુરસ્કાર શું છે?**

મહત્તમ પુરસ્કાર વિનંતી $500,000 છે.

**13) A.R.T. - તબક્કા IIના કાર્યક્રમ માટે પુરસ્કારોનું વિતરણ કઈ રીતે કરવામાં આવે છે?**

A.R.T. તબક્કા II કાર્યક્રમ હેઠળ અરજદાર અનુદાન કરારના અમલ પર અનુદાનની પૂરી રકમ મેળવશે. પ્રૉજેક્ટ પૂરો ન થાય ત્યાં સુધી અરજદારે ત્રિમાસિક રિપોર્ટિંગ સુપરત કરવાનું રહેશે.

**14) જો બાકી રહેલા અરજદારો હોય કે જેમના પ્રૉજેક્ટને સંપૂર્ણ ડોલરની રકમ પર ભંડોળ પૂરું પાડવામાં ન આવી શકે તો શું થશે?**

જો બાકી રહેલા અરજદારો હોય કે જેમને વિનંતી કરેલ સંપૂર્ણ ડોલરની રકમ પર ભંડોળ પૂરું પાડી શકાતું નથી, તો NJEDA સ્ટાફ તેમને સૂચિત કરશે અને ઉપલબ્ધ પ્રૉજેક્ટ ભંડોળની રકમનો ઉલ્લેખ કરશે. અરજદાર પાસે ઉપલબ્ધ ભંડોળની રકમ સ્વીકારવા માટે સૂચિત થયાની તારીખથી 15 કામકાજના દિવસો હશે અને પ્રસ્તાવિત પ્રૉજેક્ટ બજેટને પૂર્ણ કરવા માટે વધારાના ભંડોળના સ્રોતનો પુરાવો આપવો આવશ્યક છે. પુરાવો આશયપત્ર, પ્રતિબદ્ધતા પત્ર અથવા બેન્ક સ્ટેટમેન્ટના સ્વરૂપમાં હોઇ શકે છે. જો અરજદાર ઉપલબ્ધ રકમ ન સ્વીકારવાનું નક્કી કરે અથવા પ્રૉજેક્ટ પૂર્ણ કરવા માટે વધારાના ભંડોળની ઓળખ ન કરે, તો અરજી અધૂરી ગણાશે અને NJEDA દ્વારા પાછી ખેંચી લેવામાં આવશે.

**15) શું આ કાર્યક્રમો પ્રવર્તમાન વેતન માટે કારણભૂત બને છે?**

હા A.R.T. - તબક્કા 2ના કાર્યક્રમના ભંડોળના પરિણામે બાંધકામ સંબંધિત પ્રવૃત્તિઓ માટે અનુદાન ભંડોળના ઉપયોગના આધારે પસંદ કરેલા પ્રૉજેક્ટ્સમાં પ્રવર્તમાન વેતન ઉદ્ભવી શકે છે. પ્રવર્તમાન વેતન અનુપાલન માટે EDA શ્રમ અનુપાલન દ્વારા દરેક પ્રૉજેક્ટનું મૂલ્યાંકન કરવામાં આવશે.

**19) જો પ્રૉજેક્ટમાં બાંધકામ સામેલ હોય તો શું અરજદાર પ્રૉજેક્ટ માટે કોન્ટ્રાક્ટરનાં અનુમાન સુપરત કરે છે?**

હા. અરજદારે કોન્ટ્રાક્ટરનાં અનુમાન થવા અંતિમ વ્યાપારી ચૂકવણીનું વિભાજન સુપરત કરવું જોઇએ. પ્રૉજેક્ટનો કોન્ટ્રાક્ટર NJમાં રજિસ્ટર્ડ જાહેર બાંધકામ કોન્ટ્રાક્ટર હોવો જોઇએ.

**20) કાર્યક્રમની અરજી ફી શું છે?**

આ કાર્યક્રમ માટે કોઇ અરજી ફી જરૂરી નથી.

**21) શું હું એકથી વધુ વખત અરજી કરી શકું?**

ના, સંસ્થાઓ કે વ્યક્તિઓ EIN દીઠ એક (1) અરજી જ કરી શકશે.

**22) અરજીઓનો સ્કોર કેવી રીતે કરવામાં આવશે?**

પ્રત્યેક અરજીની સમીક્ષા સ્કોરિંગ સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવશે. અરજદારો ART – તબક્કા IIના વેબપેજ પર "સ્કોરિંગના માપદંડો" ડાઉનલોડ કરીને અરજીના સ્કોરિંગના ઘટકોનીએ સમીક્ષા કરી શકશે: સક્રિયકરણ, પુનરોધ્ધાર અને રૂપાંતરણ (A.R.T.)કાર્યક્રમ- તબક્કો II - NJEDA.

**23) શું અરજી લાઇવ થાય તે પહેલાં અરજદારોને પ્રશ્નો પૂછવાની તકો હશે?**

હા, વેબિનાર સુનિશ્ચિત કરવામાં આવશે, જ્યાં NJEDA પ્રતિનિધિઓ કાર્યક્રમના મહત્ત્વપૂર્ણ ઘટકોની સમીક્ષા કરશે. આ વેબિનારમાં પ્રશ્નો પૂછવાની તક પણ હશે. બધા વેબિનાર્સ વેબસાઇટ પર પોસ્ટ કરવામાં આવશે. પ્રથમ વર્ચ્યુઅલ સત્ર **મંગળવાર, જૂન 18, 2024, સવારે 11:00 વાગ્યે** હશે. વેબિનાર માટે નોંધણી કરવા માટે અહીં ક્લિક કરો.

અરજદારો **ArtPhase2@njeda.gov** પર ઇમેલ દ્વારા પણ પ્રશ્નો સુપરત કરી શકે છે.